# ગાંધીનગરના જંગમાં મુખ્ય સ્પર્ધા ભાજપ - કોંગ્રેસ વચ્ચે છે પરંતુ આપ કોઈ કરિશ્મા કરી જાય તો નવાઈ નહીં...

ગાંધીનગર, તા. ૨

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની નવી સરકારની પહેલી કસોટી અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના દાવા વચ્ચે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (જીએમસી)ની ત્રીજી ચૂંટણી બળાબળના પારખાં છે. આ વખતે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે તીવ્ર સ્પર્ધા છે પરંતુ આમ આદમીના પ્રવેશથી બન્ને પાર્ટીની બાજી બગડી શકે છે. ચૂંટણી પછી સત્તા અને સંપત્તિ માટે કોંગ્રેસના ચૂંટાયેલા કોર્પોરેટરોની પક્ષપલટાની પ્રવૃત્તિથી ગાંધીનગરના નાગરિકો ત્રાસી ચૂક્યાં છે તેથી આ વખતે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પાર્ટીએ ગાંધીનગરને પસંદ કર્યું છે.

હિન્દી ફિલ્મનું એક ગીત છે... ''આપ'' યહાં આયે કિસ લિયે... આપને બુલાયા ઈસ લિયે... પહેલે જરા આપ મુસ્કુરાઈયે.... આ સોંગ આમ આદમી પાર્ટી અને ગાંધીનગરના નાગરિકોને લાગુ પડે છે. ગુજરાતના પાટનગરમાં થર્ડફોર્સની આવશ્યકતા ઉભી થઈ છે, કારણ કે અગાઉની બે ચૂંટણીમાં કોંગ્રેસના મેયરોએ પક્ષપલ્ટા કર્યા છે જેને કોંગ્રેસને નહીં પણ ગાંધીનગરના નાગરિકોને વધારે નુકશાન થયું છે. લોકો ત્રીજા વિકલ્પની શોધમાં હતા અને આ ત્રીજી ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસથી થાકેલા, નારાજ થયેલા લોકોને વિકલ્પ મળી ચૂક્યો છે.

આમ આદમી પાર્ટીએ રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી સમયે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૨૭ બેઠકો કબજે કર્યા પછી કેજરીવાલે ગાંધીનગર અને વિધાનસભાની ચૂંટણીમાં તમામ બેઠકો પર લડવાનું નક્કી કર્યું હતું જેના ભાગરૂપે આવતીકાલે ગાંધીનગરની ચૂંટણી છે. આ ચૂંટણીમાં આ વખતે ભાજપ અને કોંગ્રેસને મત નહીં આપનારો વર્ગ નોટા નહીં પણ લોકો આમ આદમી પાર્ટીને પસદ કરે તેમ લાગી રહ્યું છે. શહેરના નાગરિકોમાં અંડરકરંટ છે.

જ્યારે કોંગ્રેસ પાસે નેતૃત્વ, ચૂંટણી ખર્ચના રૂપિયા અને કાર્યકરો નથી તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. દર વખતે ચૂંટણી પછી જીતેલા ઉમેદવારો તડજોડ કરીને ભાજપને સત્તાનું સુકાન સોંપી રહ્યાં છે તેનાથી સામાન્ય મતદારો નારાજ છે. મેન્ડેડથી વિપરિત જઈને આ ઉમેદવારો રૂપિયા અને સત્તાની લાલચમાં પક્ષપલ્ટા કરે છે. કોંગ્રેસની નેતાગીરી પણ તેમના ચૂંટાયેલા ઉમેદવારોને વેચાતા અટકાવી શકતી નથી.

આ વખતે આમ આદમી પાર્ટીએ ઝંપલાવ્યું છે ત્યારે લોકોને ત્રીજો વિકલ્પ મળી ગયો છે. ભાજપ અને કોંગ્રેસના નારાજ લોકો આ પાર્ટી માટે અંદરખાને મહેનત કરી રહ્યાં છે. ગાંધીનગરમાં સૌથી મોટી સમસ્યા માર્ગ અને વીજળીની છે. શહેરના રસ્તા પૂરી રીતે ધ્વંશ થયેલા છે. મહાનગરમાં જે ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે ત્યાં વાહન ચલાવવું પણ લોકોને ભારે પડી રહ્યું છે. પેટ્રોલ અને ડીઝલના ભાવથી લોકો ત્રાસેલા છે. કોરોના સંક્રમણમાં ઘણાં પરિવારો છિન્નભિન્ન થયાં છે. બેકારીનો મોટો પ્રશ્ન છે તેમ છતાં ત્રણેય પાર્ટીઓ પૈકી એકપણ પાર્ટીએ આ મુદ્દા ઉપસ્થિત કર્યા નથી.

ગાંધીનગરની સમસ્યાઓ ઉકેલવાના વાયદા ત્રણેય પાર્ટીઓએ કર્યા છે પરંતુ મત લઈને ભાગી જતા નેતાઓને આ વખતે ગાંધીનગરના મતદારો પાઠ ભણાવશે તેવું લાગી રહ્યું છે. ગાંધીનગરમાં ભલે આમ આદમી પાર્ટી સત્તામાં આવી ન શકે પરંતુ શહેરને એક મજબૂત વિપક્ષ મળશે તેવું ચર્ચાઈ રહ્યું છે. આમ આદમી પાર્ટીના ચૂંટાયેલા ઉમેદવારો કમસે કમ રૂપિયા અને સત્તાની લાલચમાં પક્ષપલટો તો નહીં કરે તેવું લોકોને દેખાઈ રહ્યું છે.

# યાત્રી સેવા સમિતિએ કેપિટલ સ્ટેશનનુ નિરિક્ષણ કર્યુ : ૧૦ હજારનો પુરસ્કાર આપ્યો

**સમિતિએ અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા વડનગર સ્ટેશનોની મુલાકાત લઇ સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ : કેપિટલ સ્ટેશનની અદ્યતન સુવિધાઓને પણ વખાણી**




ગાંધીનગર તા ૨

યાત્રી સેવા સમિતિ દ્વારા અમદાવાદ, ગાંધીનગર મહેસાણા અને વડનગર સ્ટેશનની મુલાકાત લઈ સ્ટેશનલક્ષી સુવિધાઓનુ નિરિક્ષણ કર્યુ હતુ. આ દરમિયાન કેપિટલ સ્ટેશનની મુલાકાતના અંતે સમિતિના સભ્યો પ્રભાવિત થયા હતા ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર એરપોર્ટ જેવી અદ્યતન સુવિધાઓનુ નિરિક્ષણ કર્યુ હતુ. કેપિટલ સ્ટેશનને સમિતિએ રૂ ૧૦ હજારનો પુરસ્કાર પણ એનાયત કર્યો હતો.

યાત્રી સેવા સમિતિ દ્વારા અમદાવાદ મંડળના અમદાવાદ, સાબરમત્તી ગાંધીનગર, વડનગર અને મહેસાણા રેલવે સ્ટેશનોનુ નિરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. રેલવે બોર્ડ ન્યુ દિલ્હીના અધ્યક્ષ રમેશચંદ્ર અને સભ્યોની ટીમે અમદાવાદ રેલવે સ્ટેશનનુ નિરિક્ષણ કર્યુ હતુ. યાત્રી સેવા સમિતિના અધ્યક્ષ રમેશચંદ્ર રત્ન તેમજ સમિતિના સભ્યો દ્વારા સ્ટેશન પર મહાત્મા મંદિરની પ્રતિમાને માળા પહેરાવામાં આવી હતી. ગાંધી પ્રતિકૃતિમાં સજ્જ બાળકના ગાંધીવાદી વિચારોથી સૌ પ્રભાવિત થયા હતા.સ્ટેશન પર ગાંધી વિચારોના પ્રદર્શનનુ ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ. સ્ટેશન પર યાત્રીલક્ષી સુવિધાઓનુ નિરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. પર્યાવરણનુ રક્ષણ અને જતન કરવા માટે ૫ હજાર રોપાઓનુ વિતરણ પણ કરવામાં આવ્યુ હતુ. સમિતિ દ્વારા કેપિટલ સ્ટેશનનુ પણ નિરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર મુસાફરલક્ષી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. એરપોર્ટ જેવી સુવિધાઓ સાથે પાર્કીંગ , આર્ટ ગેલેરી, એ સી વેઈટીંગ રૂમ , રેમ્પ સહીતની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. તેનુ યોગ્ય નિરિક્ષણ કર્યુ હતુ જયારે આ તબકકે યાત્રી સમિતિ દ્વારા રૂ ૧૦ હજારનો પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત સમિતિ દ્વારા ગઈકાલે વડનગર મહેસાણા, સ્ટેશનની પણ મુલાકાત લેવામાં આવી હતી. આ દરમિયાન સ્ટેશન વિસ્તારમાં બેન્ચ મુકવાની વાત પણ કરવામાં આવી હતી. મહેસાણા અને વડનગર સ્ટેશનોને પણ યાત્રી સમિતિ દ્વારા રૂ ૧૦ હજારનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. સ્ટેશન નિરિક્ષણના આ કાર્યક્રમ દરમિયાન સભ્યો પૈકી બબીતા પરમાર, કિશોર શાનબાગ, યતિન્દ્ર સિંહ, સંજીવ નારાયણ દેસાઈ, ડો ગુલાબસિંહ કટારિયા, ડિવીઝનલ રેલવે મેનેજર તરૂણ જૈન, અનંતકુમાર, રેલવે મેનેજર પરિમલ શિંદે, રવિન્દ્ર શ્રીવાસ્તવ, સુનિલકુમાર ગુપ્તા સહીતના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભારતમાતા મંદિર ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

ડૉ. હેડગેવાર સ્મારક સેવા સમિતિ, ગાંધીનગરના ઉપક્રમે 'રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસ' નિમિત્તે આજે સવારે રક્તદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૨૦ જેટલા આરએસએસના સ્વયંસેવકોએ રક્તદાન મહાદાનનો ધર્મ નિભાવ્યો હતો. સમિતિ દ્વારા ભારતમાતા મંદિર, સે. ૭ ગાંધીનગર ખાતે યોજાયેલા આ રક્તદાન કેમ્પમાં એકત્રિત થયેલુ રક્ત ગાંધીનગર સિવિલ હોસ્પિટલને સુપરત કરવામાં આવ્યું હતુ.

# ગેરસમજની ગોળીએ ગાંધીને ના વીંધી શકાય..!!

**કલા ગુર્જરી સંસ્થા દ્વારા સતત ૧૫મા વર્ષે ગાંધી જયંતિ નિમિત્તે પૂ. બાપુના પ્રિય ભજનનો કાર્યક્રમ ''પીડ પરાઈ જાણે રે'' યોજાયો : કોરોનાને કારણે સતત બીજા વર્ષે પણ કાર્યક્રમનું ઓનલાઈન જીવંત પ્રસારણ કરાયું**

ગાંધીનગર, તા. ૨

સતત ૧૫મા વર્ષે શહેરની સંસ્થા કલા ગુર્જરી દ્વારા બીજી ઓક્ટોબર, ગાંધી જયંતિ નિમિત્તે



''પીડ પરાઈ જાણે રે...'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગત વર્ષની જેમ આ વર્ષે પણ કોરોના મહામારીને અનુલક્ષીને મર્યાદિત આમંત્રિતોની ઉપસ્થિતિમાં સે. ૨૩ ખાતે કડી કેમ્પસના બ્રહ્માણી કૃપા હોલના પ્રાંગણમાં યોજવામાં આવેલા આ કાર્યક્રમનું જીટીપીએલની ભક્તિ ચેનલ પરથી ઓનલાઈન ભવ્ય પ્રસારણ કરવામાં આવ્યું હતું. આજના કાર્યક્રમમાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતા અને પૂર્વ ધારાસભ્ય એસોસિએશનના પ્રમુખ બાબુભાઈ મેઘજીભાઈ શાહ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કલા ગુર્જરી આયોજિત ''...પીડ પરાઈ જાણે રે'' કાર્યક્રમનો પ્રારંભ સંસ્થાના પેટ્રન સભ્ય અને રાજ્યના પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પૂ. બાપુને સંલગ્ન ઐતિહાસિક ઘટનાઓના સંભારણા સાથે વાત કરીને કરાવ્યો હતો. આ સાથે તેમણે મહર્ષિ અરવિંદનો અમૃત મહોત્સવ, આઝાદીના અમૃત મહોત્સવ તેમજ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૫૦મી જન્મ જયંતિ વર્ષને સાંકળીને પ્રસ્તાવના રજૂ કરી હતી. કાર્યક્રમમાં ભજનિક અ ય ા ે ધ્ય ા દ ા સ ા જી , રામસેવકદાસજી અને ગાંધીનગરના ભીખુદાન ગઢવી ઉપરાંત સ્વાતિ પાઠકે પૂ. બાપુને પ્રિય તેમજ આશ્રમે ભજનાવલિમાં સમાવિષ્ટ ગાંધીપ્રિય ભજનો સુમધુર સંગીતના તાલે પ્રસ્તુત કર્યા હતા. આ ભજનોમાં નરસિંહ મહેતા, મીરાબાઈ, રૈદાસ જેવા સુપ્રસિદ્ધ સંતોના ભજન સાથે ઝવેરચંદ મેઘાણી દ્વારા પુ. બાપુને સંબોધીને લખેલુ કાવ્ય ''છેલ્લો કટોરો ઝેરનો'' પણ પ્રસ્તુત કરાયુ હતુ.



દર વર્ષની જેમ કાર્યક્રમના સમાપન ''વૈષ્ણવ જન તો તેને રે કહીએ'' અને રામધૂનથી કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું રસપ્રદ સંચાલન ડૉ. માર્ગી હાથીએ કર્યુ હતુ. જેમણે કેટલીક ચોટદાર વાતો રજુ કરી હતી જેમાં ''હિંસાએ અંગ્રેજોને હરાવ્યા હોત પણ ગાંધીજીની અહિંસાએ તેમને જીતી લીધાં, 'કલા ગુર્જરીએ જે વિચાર કર્યો તે વષી પહેલાં ગાંધીજીએ કરેલી પ્રાર્થના સભા શરૂ કરી હતી. ''ગુજરાતનું સદનસીબ છે કે અહીં મોહન પણ વસ્યાં અને મોહનદાસ પણ'' અને ''ગેરસમજની ગોળીએ ગાંધીને વીંધી ના શકાય'' વગેરેનો સમાવેશ થાય છે.

આજના કાર્યક્રમમાં નિવૃત્ત સનદી અધિકારીઓ વી.એસ. ગઢવી, એચ.બી. વરિયા ઉપરાંત સ્ટેટ બેંકના નિવૃત્ત અધિકારી અશોક રીંડાણી, જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચ ઉપરાંત કલા ગુર્જરી સંસ્થાના પ્રમુખ એન.પી. પટેલ સહિત સંસ્થા સાથે સંકળાયેલા અગ્રણીઓ જયરાજસિંહ સરવૈયા, આશાબેન સરવૈયા, પનઘટના ભાવિન પટેલ, અશોક ત્રિવેદી, સલીલભાઈ મહેતા સહિત અન્ય અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

# સીએમે કીર્તિ મંદિર ખાતે બાપુને ભાવસભર અંજલિ આપી

**કલાનો આદર્શ નમુનો ગણાતુ આ કીર્તિમંદિર ગાંધીજીની ૭૯ વર્ષની ઉંમર મુજબ એટલા ફૂટ ઊંચુ બનાવવામાં આવ્યું છે**

પોરબંદર,તા.૨

આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૨મી જન્મ જયંતિ છે. આ પ્રસંગે ગાંધી જયંતીના અવસરે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મસ્થળ પોરબંદરના કીર્તિ મંદિર ખાતે આયોજિત પ્રાર્થના સભામાં સહભાગી થયા હતા. તેમણે પૂજ્ય બાપુને ભાવસભર અંજલિ આપીને કૃતજ્ઞતા વ્યકત કરી હતી. આ અવસરે કથાકાર રમેશભાઈ ઓઝા પણ હાજર રહ્યા હતા.

મુખ્યમંત્રી પ્રાર્થના સભા બાદ કિર્તિ મંદિર ખાતેથી સ્વચ્છતા યાત્રાને પણ ફ્લેગ ઓફ કરાવી હતી. નોંધનીય છે કે,



૧૯૫૦ની ૨૭મી મેના રોજ લોખંડી પુરુષ વલ્લભભાઈ પટેલના હસ્તે આ સ્મારક ખુલ્લુ મુકવામાં આવ્યું હતું અને પોરબંદરના સ્વ.નાનજી મહેતાએ ગાંધીજીની સંમતિ મેળવીને તેની રચના કરી હતી. અંધારીયા ઓરડામાં સમગ્ર માનવજાતને નવો પ્રકાશ આપનાર વિશ્વવંદનીય ગાંધીજીનો જન્મ થયો અને દુનિયાના નકશામાં પોરબંદરનું મહત્વ ગાંધીજીના જન્મસ્થળ તરીકે ગૌરવવંતુ બન્યુ. આધુનિક સ્થાપત્ય કલાનો આદર્શ નમુનો ગણાતુ આ કીર્તિમંદિર ગાંધીજીની ૭૯ વર્ષની ઉંમર મુજબ એટલા ફુટ ઊંચુ બનાવવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટ્વિટ કરીને પણ બાપુને શ્રદ્ધાંજલિ આપી હતી. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે, સત્ય અને અહિંસાના પૂજારી એવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ૧૫૨માં જન્મદિવસ પર તેઓની દિવ્યચેતનાને નતમસ્તક વંદન કરું છું.

આપણે સૌ પૂજ્ય બાપુના સત્ય અને અહિંસા જેવા સદગુણોને જીવનમાં અનુસરીએ એ જ સાચી શ્રદ્ધાંજલિ. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લાલબહાદુર શાસ્ત્રીને પણ શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે ટ્વિટ કરીને લખ્યું હતું કે, ભારત રત્ન,પૂર્વ વડાપ્રધાન તથા સાદગીની પ્રતિમૂર્તિ સ્વ. શ્રી લાલ બહાદુર શાસ્ત્રીજી ના જન્મદિવસ પર તેમના ચરણોમાં કોટિ કોટિ નમન.

## વિધાનસભા ખાતે મહાત્મા ગાંધીજીની પુષ્પાંજલિ અપાઈ

સત્ય, અહિંસા, પ્રેમ અને કરુણાને વરેલા તથા અંત્યજોના ઉદ્ધારક, અસ્પૃશ્યતા નિવારક, નશાબંધી, સ્વાવલંબન અને સ્વદેશીનો વંટોળ ઉભો કરનાર મહાપુરુષ અને ગ્રામોદ્ધારક પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૨મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત વિધાનસભા અધ્યક્ષા ડૉ.નીમાબેન આચાર્ય અને ઉપાધ્યક્ષ જેઠાભાઈ આહીર (ભરવાડ) દ્વારા વિધાનસભા પટાંગણમાં આવેલી પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રતિમાને અને વિધાનસભા ગૃહ ખાતે પૂજ્ય ગાંધીજીના તૈલચિત્રને પુષ્પાંજલિ આપીને શ્રદ્ધાસુમન અર્પણ કરાયા હતા. આ પ્રસંગે ગુજરાત વિધાનસભા અધ્યક્ષા ડૉ.નીમાબેન આચાર્યએ કહ્યું હતુ કે ગાંધીજીના જીવન સંદેશને આપણે સૌએ આત્મસાત કરવો જોઈએ અને તેમણે આપેલા જીવન સૂત્રોમાંથી પ્રેરણા લઈ તે વિશ્વમાં આપણે સૌએ જીવન જીવવું જોઈએ. પૂજ્ય ગાંધીજી સત્યના આગ્રહી અને સ્વચ્છતાના હિમાયતી હતા. તેઓ જીવનભર સ્વદેશીના આગ્રહી રહ્યા છે ભારત દેશે પણ આત્મનિર્ભર ભારત, વોકલ ફોર લોકલ અને મેક ઈન ઈન્ડિયા થકી પૂજ્ય બાપુના સ્વદેશી સંકલ્પને ચરિતાર્થ કર્યો છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીના સ્વદેશી ચીજવસ્તુ અપનાવવાના તથા સ્વચ્છતાના મંત્રને સાકાર કરી સમગ્ર રાષ્ટ્ર આજે ખરા અર્થમાં તેમની જન્મજયંતિની ઉજવણી કરી રહ્યું છે.


**ભાદરવામાં પેટા ચૂંટણી જંગ**

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૭ બેઠકોની પેટા ચૂંટણી

**મતદારોમાં ઉત્સાહનો અભાવ, ભાજપા-કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર**

બાયડ, તા. ૨

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ખાલી પડેલી કુલ ૭ બેઠકો ઉપર તંત્ર દ્વારા આપેલી જાણકારી મુજબ હિંમતનગર તાલુકાની પરબડા, પ્રાંતિજ તાલુકાના ઘડકણ, બાયડ તાલુકાના હઠીપુરા, મેઘરજ વચ્ચે સીધી સ્પર્ધા થઈ શકે છે ક્યાંક અપક્ષો અન્ય ઉમેદવારની જીતની બાજી ફેરવી શકે છે. સાબરકાંઠા-અરવલ્લી તંત્ર દ્વારા ઈ.વી.એમ.



રવિવારે સવારે મતદાન યોજાશે. ૧૯ ઉમેદવારોના ભાવીનો મંગળવારે ફેંસલો થશે. જિલ્લામાં નિષ્પક્ષ અને ન્યાયીક ચૂંટણી યોજાય તે માટે સ્થાનિકતંત્રને સૂચના આપવાની સાથે મતદાન મથકો ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે.

તાલુકાની ઉબસલ તાલુકા પંચાયત, ભિલોડાની નાંદોજ જિલ્લા પંચાયત અને મોડાસા પાલિકા વોર્ડ નં. ૨ માં ભાજપા કોર્પોરેટરનું માર્ગ અકસ્માતમાં મોત નિપજતાં પેટા ચૂંટણી આવી પડી હતી. કુલ ૬ બેઠકો ઉપર ૧૯ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ભાજપા-કોંગ્રેસ

મશીન સાથે સ્ટાફને મતદાન મથકો ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે મોકલવામાં આવ્યા છે. તમામ ૭૮ મતદાન મથકો ઉપર પોલીસનો બંદોબસ્ત ખડાકાયો છે. મતદાન પુરૂ થયા પછી ઈ.વી.એમ. મશીન તાલુકા મથકના સ્ટ્રોંગરૂમમમાં મોકલવામાં આવશે.

## મુખ્યમંત્રી મહાત્મા ગાંધીજીના જન્મસ્થળ પોરબંદરના કીર્તિ મંદિરમાં આયોજિત પ્રાર્થના સભામાં સહભાગી થયા

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગાંધીજયંતિ અવસરે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મસ્થળ પોરબંદરના કીર્તિ મંદિરમાં આયોજિત પ્રાર્થના સભામાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રીએ આ વેળાએ કીર્તિમંદિરની મુલાકાત લઈ પૂજ્ય બાપુને ભાવસભર અંજલિ આપી હતી અને કૃતજ્ઞતા વ્યકત કરી હતી. મુખ્યમંત્રી સાથે રાજ્યના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ, પ્રસિદ્ધ ભાગવત કથાકાર અને સાંદિપની ગુરુકુળના સ્થાપક પૂજ્ય રમેશભાઈ ઓઝા, સાંસદ રામભાઈ મોકરિયા, રમેશભાઈ તેમજ ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયા અને અગ્રણીઓ તેમજ જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ પણ પ્રાર્થના સભામાં જોડાયા હતા અને પૂજ્ય બાપુને ભાવાંજલિ આપી હતી.

## છેતરપિંડી છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

બાબતોમાં પણ જોવા મળી છે. પહેલા વચન આપો, તેના માટે દલીલો કરો, અને પછી કોઈ પણ નૈતિક મૂલ્ય વગર તે જ વસ્તુનો વિરોધ કરો. જે લોકો આ પ્રકારના વિવાદ ઉભા કરે છે, તેમને લાગે છે કે જનતાને લાભ થશે કે નહીં તે મુદ્દો નથી. તેમને માટે મુદ્દો એ છે કે, આ પ્રકારના નિર્ણયો લેવામાં આવશે તો મોદીની સફળતાને કોઈ રોકી નહીં શકે. તમને નથી લાગતું કે રાજકીય પાર્ટી પોતાની મજાક ઉડાવી રહી છે. ખેડૂતો વિષે વાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, અમે નાના ખેડૂતોને સશક્ત કરવા માટે પ્રતિબદ્ધ છે. કૃષિ નિયમો વિષે સરકાર પહેલા દિવસથી જ કહી રહી છે કે જે મુદ્દાઓ પર તમને અસહમતિ છે, સરકાર બેસીને વાત કરવા તૈયાર છે. આ બાબતે અનેક બેઠકો થઈ છે, પરંતુ હજી સુધી કોઈ કહી નથી શક્યું કે કયા મુદ્દા પર સમસ્યા છે.

## કોલસો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતમાં સીમેન્ટ બનાવવાના અને આયરન સ્પોંજ પ્લાન્ટ ચલાવવા માટે આ કોલસાનો ઉપયોગ થાય છે.

બીજી તરફ ઓસ્ટ્રેલિયા સાથેના ચીનના સબંધોમાં ખટાશ છે તો ભારતના પણ સબંધો ચીન સાથે હાલમાં બહુ સારા નથી ત્યારે ચીન દ્વારા પોતાના બંદરો પર પડેલો ભારતનો કોલસો જો રિલિઝ ના કરાય તો ભારતને પણ કોલસાની અછતનો સામનો કરવો પડી શકે છે.

## પાણી ભરાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંદાજિત ૧૬ ઈંચ જેટલો વરસાદ થયો છે. જયારે છેલ્લા બે દિવસથી વાતાવરણમાં તડકી છાયડીના માહોલ વચ્ચે વરસાદ અદ્રશ્ય રહ્યો હતો. આજે પણ સવારથી આકાશમાં તપતા સુરજ વચ્ચે બપોરના સમયે પણ ભાદરવાના આકરા તાપનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. ત્યારબાદ બપોરના સમયે અચાનક જ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા. વાતાવરણ પલ્ટા વચ્ચે વરસાદનુ ભારે ઝાપટુ વરસ્યુ હતુ. સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. સેકટરોના કોમન પ્લોટમાં કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકી જામી હતી. બપોરના સમયે વરસાદી ઝાપટાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. શહેરના સેકટરો તેમજ આસપાસના વિસ્તારમાં પણ વરસાદના ભારે ઝાપટાથી ઠેર ઠેર પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. વાવોલમાં પણ વરસાદના ભારે ઝાપટાથી ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. શહેરમાં છેલ્લા એક મહીનાથી વરસાદી સમસ્યાઓના લીધે જનજીવન પ્રભાવિત છે. સેકટરોમાં ઠેર ઠેર વિવિધ પ્રકારની દુવિધાઓના લીધે નાગરિકો તોબા પોકારી ગયા છે. જયારે વરસાદી વાયરો યથાવત રહેતા મચ્છર તેમજ જીવાતનો ઉપદ્રવ પણ વધ્યો છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં હવે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવે તેવી પણ પ્રબળ માંગણી ઉઠવા પામી છે. સાંજના સમયે પણ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા રહ્યા હતા.